ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૬/૨૦-૨૧/ 1432 તારીખ : 06 MAY 2021

આર.પી.એ.ડી.

કેસ નં.૮૬/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ,**
**મહાલક્ષ્મી મીલની ચાલી,**
**ગોરધનદાસ કોલોની,પ્લોટ નં-૬,**
**કુંભારવાડા,**
**ભાવનગર.**

**મો.નં.૯૯૨૫૯ ૭૩૬૬૧.**

**વિષય : નવું ઘર વપરાશનું કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૦-૨૧/૪૬૪ તા.૦૫/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૦-૨૧/૮૭૭ તા.૧૨/૦૩/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

6/5/21

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૮૬/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખ:– તા.૨૫/૦૩/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા,કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ,મું.ભાવનગર ની નવું ઘર વપરાશનું કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૬/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૦–૨૧/૪૬૪ તા.૦૫/૦૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૫/૦૩/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રી જણાવે છે કે, પ્લોટ નં–૬, મીલની ચાલી, ગોરધનદાસ કોલોની, ભાવનગર કે જેમાં મારા પિતા સ્વ. પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ અને શ્રી કાનજીભાઈ મંગાભાઈ ભોજ રહેતા હતા અને તા.૨૫/૬/૨૦૦૩ ના રોજ પીજીવીસીએલ દ્વારા ચેકીગ કરવામાં આવેલ અને વિજચોરીનું પુરવણી બિલ આપેલ અને કોર્ટ કેસ કરવામાં આવેલ.

૧.૨ કોર્ટ કેસ નો નિર્ણય તા.૧૧/૧/૨૦૦૫ ના રોજ આવતા, મેં મારા પત્ની ના નામનું નવું વિજ જોડાણ માંગતા, કુંભારવાડા સબ ડિવિઝન ના પત્ર નં–૨૪૩ તા.૧૭/૧/૨૦૨૦ થી જે નામ આપવામાં આવ્યા છે તેમાં ૨(બે) વ્યકિતઓના નામ ખોટા દર્શાવેલ છે. આ બે વ્યકિતઓ સાથે અમારે કોઈ સંબંધ નથી અને આ વ્યકિત અમારા વિસ્તારમાં રહેતી નથી. મારા પ્લોટ નં–૬ માં ૨(બે) વ્યકિતના નામના બાકી લેણાં દર્શાવે છે. આ બે નામ કાઢી આપવા વિનંતી કરૂં છું અને જે કાંઈ મારા પિતાજીનું લેણું હશે, તે ભરવા તૈયાર છું. અને મને ત્યારબાદ, ઘરવપરાશ નું વિજ કનેકશન આપવા મહેરબાની કરવી.

૧.૩ અરજદારશ્રી દ્વારા તા.૯/૧/૨૦૨૦ ના રોજ જણાવેલ કે, ફોજદારી કેસ નં–૪૦૨/૨૦૦૪, ૩૦૪/૨૦૧૫, ૩/૨૦૧૭ માં નામદાર કોર્ટમાં વિજ ચોરી સાબિત ન થતાં, નિર્દોષ સાબિત થયેલ તેમ જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ કુંભારવાડા સબ ડિવિઝન ખાતે પ્લોટ નં–૬, મહાલક્ષ્મી મીલની ચાલી, ગોરધનદાસ કોલોની, કુંભારવાડા, ભાવનગર ખાતે તા.૨૫/૬/૨૦૦૩ અને તા.૯/૧૨/૨૦૦૯ ના રોજ અનુક્રમે વિજ ચેકીંગ થતાં, તા.૨૫/૬/૨૦૦૩ ના રોજ (૧) શ્રી પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ ગ્રાહક નં–નોન કન્ઝયુમર નં–૫૫૦૭ પાવરચોરી ની રકમ રૂા. ૧૯૭૬૫/– (૨) પ્રેમજીભાઈ મંગાભાઈ ભોજ, ગ્રાહક નં–નોન કન્ઝયુમર નં–૫૫૦૮ પાવરચોરી ની રકમ રૂા. ૧૯૪૪૫/– (૩) નરેશભાઈ મંગાભાઈ ભોજ, ગ્રાહક નં–નોન કન્ઝયુમર નં–૫૫૦૯ પાવરચોરી ની રકમ રૂા. ૩૦૫૭૪/– અને તા.૯/૧૨/૨૦૦૯ ના રોજ શ્રી પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ, ગ્રાહક નં–નોન કન્ઝયુમર નં–૩૭૨ પાવરચોરી ની રકમ રૂા.૩૨૭૬૩/– ને પાવરચોરી માં બુક કરેલ અને ઉપરોકત રકમોના પુરવણી બિલ આપીને, રીકવરી માટે દિવાની દાવાઓ અનુક્રમે દાખલ કરવામાં આવેલ. જે દિવાની દાવાઓના નંબરો – (૧) ૯૧/૦૪ (૨) ૯૫/૦૪ (૩) ૮૯/૦૪ (૪) ૧૭૯/૧૧ છે.

૨.૨ વધુમાં, સદર અરજદાર સ્થળ પર જ પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ ના નામે નોન કન્ઝયુમર નં–૯૬/૦૩ થી ચેકીંગ થયેલ. જેની પુરવણી બિલ ની રકમ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ થયેલ અને શ્રી કાનજીભાઈ મંગાભાઈ ભોજ ગ્રાહક નં–૮૯૯૦૪/૦૩૪૨૩/૦ માં કંપની ની લેણી રકમ બાકી હોય, દિવાની દરખાસ્ત નં–૧૦/૨૦૧૧ થી દાખલ થયેલ. જે રકમ ગ્રાહક શ્રી દ્વારા તા.૨૬/૯/૨૦૧૪ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ અને ત્યારબાદ, સદર વિજ કનેકશન કાયમી ધોરણે રદ કરીને ડીલીટ કરવામાં આવેલ છે.

૨.૩ સદર સ્થળ પર અરજદારશ્રી દ્વારા ઘર વપરાશના હેતુનું નવું કનેકશન માંગવામાં આવેલ. જે ઝુંપડા વિજળીકરણ યોજના હેઠળ અરજી નં–૧૬૮૮૬ તા.૮/૯/૨૦૧૬ થી શ્રીમતી ઉષાબેન નરશીભાઈ ભોજ ના નામથી માંગવામાં આવેલ. જે સંદર્ભે કુંભારવાડા સબ ડિવિઝન દ્વારા સદર વિજ જોડાણ ની માંગણીવાળા સ્થળ પર બાકી લેણા ની જાણ કરતો પત્ર લખવામાં આવેલ. (કુંભારવાડા સ.ડિ./ ૪૫૫૧ તા.૨૫/૧૨/૨૦૧૬) ત્યારબાદ, સદર અરજી ની આખરી નોટીસ કુંભારવાડા સબ ડિવિઝન ના પત્ર નં–૮૪૯ તા.૧/૩/૨૦૧૮ થી અરજદારને તેમના નવા વિજ જોડાણ ની અરજી દફતરે થયાની જાણ કરવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રી દ્વારા તા.૯/૧/૨૦૨૦ ના રોજ જણાવેલ કે, ફોજદારી કેસ નં–૪૦૨/૨૦૦૪,૩૦૪/૨૦૧૫,૩/૨૦૧૭ માં નામદાર કોર્ટમાં વિજચોરી સાબિત ન થતાં, નિર્દોષ સાબિત થયેલ. તેમ જણાવે છે. પરંતુ, બાકી લેણાં અન્વયે રીકવરી સ્યુટ નામદાર કોર્ટમાં પેન્ડીંગ હોય અને દાવા નંબર–૯૧/૦૪ પર દરખાસ્ત નં–૫૨/૦૮ અને દાવા નં–૯૫/૦૪ માં દરખાસ્ત નં–૩૨૫/૦૫ થી દરખાસ્ત દાખલ થયેલ હોય અને તેની રકમ આજદિન સુધી ભરપાઈ કરવાની બાકી છે.

૨.૫ આમ,નવા વિજ જોડાણ ની માંગણીવાળા સ્થળ પર પાવરચોરી ની રકમ બાકી હોય, જીઈઆરસી સપ્લાય કોડ નં–૨૦૧૫ ના નોટીફીકેશન નં–૪.૩૦ મુજબ સદર સ્થળ પર નવું વિજ જોડાણ આપી શકાય તેમ નથી.

આમ, નવા વિજ જોડાણની માંગણી વાળા સ્થળ પર એરીયર્સ બાકી હોય, કંપની ના નિયમોનુસાર બાકી લેણાંની રકમ ભરપાઈ થયે, નવું વિજ જોડાણ આપી શકાય. જે સબ ડિવિઝન દ્વારા ગ્રાહકશ્રી ને જાણ કરેલ છે. જેથી, ઉપરોકત માહિતી ને ધ્યાને લઈ, સદર કેસમાં કંપની ની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી નરશીભાઈ પ્રવિણભાઈ ભોજ રહે.કુંભારવાડા, ભાવનગર ની ફોરમને રજૂઆત છે કે, તેઓના પિતા પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ તા.૨૫/૬/૨૦૦૩ ના રોજ પીજીવીસીએલ દ્વારા પાવરચોરીમાં પકડાયેલ. જેનો કોર્ટમાં કેસ ચાલતા તે નિર્ણય તેઓના પિતાની તરફેણમાં આવેલ. ત્યારબાદ,તેઓએ ઘર વપરાશનું વિજ જોડાણ માંગતા પ્રતિવાદીએ જોડાણ આપવા ની ના પાડેલ.

૩.૨ પ્રતિવાદીની રજૂઆત મુજબ વાદી તથા તેના પિતા ના ભાઈઓ અને કુટુંબીજનો (૧) પ્રવિણભાઈ મંગાભાઈ ભોજ (૨) પ્રેમજીભાઈ મંગાભાઈ ભોજ (૩) નરેશભાઈ મંગાભાઈ ભોજ (૪) રાજેશભાઈ મંગાભાઈ ભોજ તથા (૫) કાનજીભાઈ મંગાભાઈ ભોજ, પ્લોટ નં–૬, મહાલક્ષ્મી મીલ ની ચાલી, ગોરધનદાસ કોલોની, કુંભારવાડા માં રહેતા હતા.

૩.૩ ઉપર મુજબ ના વ્યકિતઓ માં પ્લોટ નં–૬ માં જુદી જુદી તારીખે પીજીવીસીએલ દ્વારા ચેકીંગ દરમ્યાન પાવર ચોરી માં પકડાયેલ હતા.જેની સામે પ્રતિવાદીએ કોર્ટ કેસ કરેલા છે. અને તે દરેક ની સામે જુદી જુદી વિજ ચોરી ની રકમ બાકી છે જે અંગેનું એક સ્ટેટમેન્ટ પ્રતિવાદીએ નીચે મુજબ રજૂ કરેલ છે.

Net Balance Pending Decree all ready filed in the Court end of Quarter Mar-2021.

| Sr No | Name of Dn. | Name of S/Dn | Name of Consumer | Consumer No. | PDC Dt/Dt of Checking | Category | Cause of filling of Suit | Original CS No. & Year | Darkhast No. & Year | Court where filed dtd. | CS Amt. Rs n Lacs | Decree Amt Rs. In Lacs | Decree Status | Name of Advocate | Amt recd. /Date of DD |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | City-1 | KWSD | Pravinbhai Mangabhai Bhoj | NC-5507 | 25.06.03 | RGPU | Thf. | 91/04 | 52/08 | 17.01.06 | 14357.92 | 21253.61 | Disposed | M S Bhatt | |
| 2 | City-1 | KWSD | Premjibhai Bhoj | NC-5508 | 25.06.03 | | Thf. | 95/04 | 325/05 | 15.11.05 | 14357.92 | 19445.17 | | K A Vyas | |
| 3 | City-1 | KWSD | Nareshbhai Mangabhai Bhoj | NC-5509 | 25.06.03 | | Thf. | 89/04 | | | 30574.00 | | | A D Joshi | |
| 4 | City-1 | KWSD | Maganbhai Ranabhai | NC-186 | 21.11.03 | | Thf. | 354/04 | | | 18562.93 | | Issue | A D Joshi | |
| 5 | City-1 | KWSD | Kanjibhai Mangabhai Bhoj | 899040342 30 | 18.12.07 | RGPU | Arr. | 1/8 | 10/11 | 10.01.11 | 5200.00 | 9252.42 | | K A Vyas | Paid |
| 6 | City-1 | KWSD | Pravinbhai Mangabhai | NC-372 | 09.12.09 | | Thf. | 179/11 | | | 32763 | | Disposed | I V Bhatt | |
| 7 | City-1 | KWSD | Nareshbhai Pravinbhai Bhoj | NC-96 | 22.03.13 | | Thf. | 159/14 | | | 12917.00 | | | A I Pareck | Paid |
| 8 | City-1 | KWSD | Rajesh Mangabhai Devipujak | 8993500141 | 29.03.14 | RGPU | Arr. | 614/15 | 235/16 | 19.09.16 | 3563.00 | 4611.00 | Disposed | S S Bhatt | |

૩.૪ વાદી નરશીભાઈ પી ભોજ ની સુનાવણી દરમ્યાન ની મૌખિક રજૂઆત મુજબ તેઓ તેઆના પિતાશ્રીના રહેઠાણ પરના બાકીની બિલ ની રકમ ભરવા તૈયાર છે. પરંતુ, બીજી અન્ય વ્યકિતઓ ના રહેઠાણ (મકાન) અલગ છે.

૩.૫ પ્રતિવાદીએ રજૂઆત કરેલ છે કે, આ બધાજ વ્યકિતઓ પ્લોટ નં–૬ માં જ રહેતા હોઈ, GERC સપ્લાય કોડ નં–૪/૨૦૧૫ સેકશન નં–૪.૩ મુજબ તે જ સ્થળ પર એટલે કે, પ્લોટ નં–૬ માં પ્રતિવાદી ની રકમ વાદી પાસેથી લેણી નીકળતી હોઈ, તેઓને વિજ જોડાણ આપી શકાય નહી. જો વાદી જુદા જુદા કેસની બધી રકમ પ્લોટ નં–૬ પરની ભરપાઈ કરી આપે તો વિજ જોડાણ આપી શકાય.

૩.૬ પ્રતિવાદી એ રજુ કરેલ આધાર પુરાવા પરથી જણાવે છે કે પ્રતિવાદી એ પ્લોટ ન. ૬, માં જુદી જુદી પ્રીમાઈસીસમાં જુદા જુદા નામે ઘર વપરાશના વીજ કનેક્શન આપેલ. તારણ ન. 3.3 મુજબ તેમજ તેમાં દર્શાવેલ ટેબલ મુજબ આ જૂદા જુદા કનેક્શન પ્રતિવાદી દ્વારા વીજ ચેકિંગ થતા તેઓને જુદા જુદા સમયે જુદા જુદા નામે વીજ ચોરીના બીલ આપવામાં આવેલ. આથી પ્લોટ ન. ૬ માં આવેલ જુદા જુદા નામના વીજ જોડાણો એક જ પ્રીમાઈસીસમાં આપેલ છે તેવું માની શકાય નહિ.

આથી અરજદાર તેના માંગેલ સ્થળના વીજ જોડાણની બાકી રહેતી રકમ ભરપાઈ કરી આપે તો તેઓને વીજ જોડાણ આપવું.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.ઓાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૫/૦૩/૨૦૨૧.